UNITED INTERNATIONAL
GUJARATI CHRISTIAN SOCIETY
NEW YORK & NEW JERSEY
FOUNDER: Lt. REV. MANUBHAI V. CHRISTIAN
(A NOT -FOR-PROFIT ORGANIZATION, Estd. 1988)

AMERICAN CHRISTIAN NEWS
અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ
EDITORS: Rev. Dr. Snehlata & Rev. Anil Patel
Phone # (718)435-4786 ╬ Email:snehlata@msn.com
Issue-149, Year: 41, January- February 2020

# તંત્રીસ્થાનેથી: મોટે ભાગે ખ્રિસ્તીમાંથી ખરા ખ્રિસ્તી

ઇશ્વરપિતાનો આભાર માનીએ કે ગત સાલમાં તેમણે સર્વ પ્રકારે આપણી સહાય કરી છે અને ૨૦૨૦ની સાલમાં પ્રવેશ કરાવ્યો છે. જૂના વરસની નિષ્ફળતાઓ, ત્રુટીઓ વિગેરે ભૂલી જઈ આપણી આગળ જે જીવન છે તેમાં આપણા અનંતજીવન માટેની તૈયારીઓ કરી લઈએ. યાદ રાખીએ કે આ જગત આપણું કાયમી નિવાસ્થાન નથી.

આ લેખ માટે હું પ્રભુની દોરવણી માગતી હતી ત્યારે એડવન્ટની મનન પુસ્તિકાના શિર્ષક, "Almost Christmas" અને તેના એક મનન "Almost Christian" તરફ મારૂં ધ્યાન દોરાયું. નવા વરસમાં આપણે કેવી રીતે પ્રભુ ઇસુના સાચા અનુયાયીઓ- ખરા ખ્રિસ્તી બની અજવાળાના પાથરનારા બની શકીએ?

**મોટે ભાગે (લગભગ) ખ્રિસ્તી:** જો આપણે આપણું દશાંશ નિયમિત આપતાં હોઇએ, દેવળમાં નિયમિત જતાં હોઇએ, બીજાંઓને મદદરૂપ થતાં હોઇએ તો લગભગ, મોટે ભાગે ખ્રિસ્તીઓમાં આપણી ગણના થાય. પણ આ પ્રકારનું જીવન આપણને અનંતજીવનમાં દોરી લઈ જવાને અસમર્થ છે. તેથી *મોટે ભાગે* ખ્રિસ્તીમાંથી *સાચા* અર્થમા ખ્રિસ્તી કે જે સદાકાળ ઇશ્વરની સંગતમાં જીવે છે તેવા આપણે બનવાની આવશ્યકતા છે. ખરા ખ્રિસ્તીઓ બનવા માટે આપણને બે બાબતોની જરૂર છે. એક પ્રભુની સાથે અંગત સબંધ અને તેનું પ્રતિબિંબ બીજાંઓ પ્રત્યેના વલણમાં. .

**૧. ઇશ્વરની સાથે અંગત સબંધ:** પવિત્રશાસ્ત્ર આપણને ઇશ્વર પર પૂરા હ્રદયથી, પૂરા જીવથી, પૂરી શક્તિથી તથા પૂરા મનથી પ્રેમ કરવા આદેશ આપે છે(લૂક ૧૦:૨૭). જ્યારે વ્યક્તિના જીવનમાં ઇશ્વર કેન્દ્રસ્થાને હોય છે ત્યારે પ્રાર્થના, નિયમિત દેવળમાં હાજરી, મનન, શાસ્ત્રાભ્યાસ, ઉપવાસ વિગેરે દ્વારા વ્યક્તિ પ્રભુની સાથે અંગત સબંધમાં હોય છે જેને નવો જન્મ પામેલ વ્યક્તિ તરીકે ઓળખાવી શકાય. આવી વ્યક્તિઓ જીવનના સર્વ પ્રસંગોમાં ઇશ્વર પર વિશ્વાસ રાખે છે. પાઉલ અને સિલાસને જેલની અંધારી કોટડીમા, પૂરીને પગો હેડમા બાધી દેવામા આવ્યા હોવા છતાં તેઓ પ્રાર્થના અને સ્ત્રોતો ગાતા હતા. તેવી જ રીતે ખરી ખ્રિસ્તી વ્યક્તિ પોતાના હિત કરતા ઇશ્વરને પોતાના જીવનદ્વારા કઈ રીતે માન, મહિમા અને ગૌરવ મળે તે તરફ ધ્યાન આપે છે. આવી વ્યક્તિના જીવનની રહેણીકરણી તે ખરી ખ્રિસ્તી વ્યક્તિ છે તેની સાક્ષી આપે છે. ઇશ્વર તેમના જીવનનો દોરનાર અને ચલાવનાર બને છે. આવી વ્યક્તિઓ આશીર્વાદિત અને વિજયવંત જીવન જીવે છે.

**૨. મનુષ્યનો મનુષ્ય સાથેનો સબંધ:** બીજી જે આજ્ઞા આપવામાં આવી છે તે આ પ્રમાણે છે, "તારી પોતાની જાત પર જેવો પ્રેમ રાખે છે તેવો જ પ્રેમ તારા પાડોશી પર પણ રાખવો" (લૂક ૧૦:૨૭). કહેવત છે કે, જેવી કરણી તેવી ભરણી. કોઇનુ ભૂંડુ કરવાથી ભૂંડુ કરનાર વ્યક્તિને જ હ6મેશા નુકસાન પહોંચે છે. એક ભાઇ બીજા ભાઇની વિરૂધ્ધ હંમેશા કાવાદાવા કર્યા જ કરે. બીજા ભાઇ ખરા ખ્રિસ્તી હોવાથી તેનુ ભૂંડુ કરનારની સાથે વાદવિવાદમાં ન પડતાં જાણે કાંઇ જ ન બન્યું હોય તેવી રીતે વર્તવા લાગ્યા. અને પોતાનું અહિત કરનારના માટે પ્રાર્થના કરવા લાગ્યા. સમય જતાં કાવાદાવા કરનાર ભાઇ અકાળે જીવલેણ બિમારીમાં સપડાયા. ખરા ખ્રિસ્તી તેમને મળવા ગયા ત્યારે તેમણે રડીને માફી માગી. હમેશાં યાદ રાખીએ કે બીજાંઓનું ભૂંડુ કરનારને જ નુકસાન થાય છે.

બીજી તરફ ભલુ કરનારને ભલાઇનો બદલો મળે છે. એક દિવસે વહેલી સવારે એક બાઇએ પોતાના ઘરના પગથિયા પર એક છોકરાને બેઠેલો જોયો. આ બહેને તેની સાથે વાત કરી તો તે ખૂબ જ ગરીબ હતો અને કેટલાય દિવસનો ભૂખ્યો હતો. તેને ઘરમાં બોલાવી એક ગ્લાસ દૂધ પીવા આપ્યું. છોકરો તો જતો રહ્યો. વરસો વીત્યાં. આ બાઇ ભયંકર માંદગીમાં સપડાઇ. તેનુ કોઇ જ ન હતું . ડોકટર જ્યારે તેની ફાઇલ જોતા હતા ત્યારે તેમનુ ધ્યાન ગયું કે નાનપણમાં દૂધનો પ્યાલો આપનાર બાઇ તે હતાં. સ્પેશિયાલીસ્ટને બોલાવી તેમણે બાઇની સારવાર કરી. આ બાઇ ખૂબ જ ચિંતામાં હતાં કે બીલ ક્યાંથી ભરાશે? બીલ આવ્યું તો તેની અજાયબીનો પાર ન રહ્યો. બીલમાં રકમની જગ્યાએ લખ્યું હતું, "A glass of Milk; Paid in full."

વાચકમિત્રો, ૨૦૨૦ની સાલમાં જ્યારે આપણને અનંતજીવનની તૈયારી કરવાની એક નવી તક ઇશ્વરે આપી છે ત્યારે આપણે ઇશ્વરની સાથે અંગત સબંધ બાંધવા પ્રયત્ન કરીએ, બીજાઓનું અહિત ક્યારેય ન કરીએ તેથી ઉલટું જરૂરીયાતમંદોને સહાયરૂપ થઈ ખરા અર્થમાં ખ્રિસ્તી બનવા પ્રયત્નો કરીએ. પ્રભુ પિતા તેનાં અનુયાયીઓ બનવા માટે પ્રત્યેકની સહાય કરે.

સ્નેહલતા પટેલ , બ્રુકલીન, ન્યુયોર્ક

## નોંધપાત્ર બાબતો :-

ACNના ખર્ચને પહોંચી વળવામાં મદદરૂપ થવા જો તમારે સ્વેચ્છાપૂર્વક દાન અથવા પોસ્ટલ સ્ટેમ્પ્સ આપવા હોય અથવા ACNની કોપી જોઈતી હોય તો રોબીનભાઈનો સંપર્ક સાધશો. સરનામુ: 17 Dart Mouth Ave, Avenel, N.J 07001-1804; Phone # 917-554-4560. robin.christian@marriott.com

ન્યુઝપેપરમાં લખાતાં લખાણો માટે તંત્રીઓ જવાબદાર નથી.

મૃત્યુ નોંધ: ઘણાં વહાલાંઓએ અનંતકાળિક જીવનમાં પ્રવેશ કરેલો છે. તેઓ સર્વના કુટુંબીજનોને ઈશ્વરપિતા તેમના દૈવી દિલાસાથી ભરપૂર કરે. તમારી પ્રાર્થનાઓમાં તેઓને ધરી રાખશો .

સહકાર: ACNના પ્રકાશનનો મુખ્ય હેતુ અમેરિકા દેશના ગુજરાતી ખ્રિસ્તી ભાઈબહેનોને એકબીજાના સંપર્કમાં રાખવા, પારસ્પારિક સુખદુ:ખમાં ભાગીદાર બનાવવા, એકબીજાને પ્રેરણારૂપ થવું, ઈશ્વરના આપેલાં તાલંતોનો ઉપયોગ કરી, ગુજરાતી સમાજને મદદરૂપ અને દોરવણીરૂપ બનવું. તેથી ખાસ પ્રકારની અનોખી કાર્યપ્રવૃતિ વગેરે જાતની માહિતી પૂરી પાડવાની ગુજરાતી મિત્રો પાસે અપેક્ષા રાખવામાં આવે છે.

આ સમાચારપત્રના ખર્ચને પહોંચી વળવા કોઈપણ જાતનું ભંડોળ નથી. જેથી પાનાં વધારવા શક્ય નથી. તેથી આ સમાચારપત્રનો પૂરેપુરો લાભ મેળવવા વાંચકમિત્રોને વિનંતી કે, પ્રેરણા અને ઉત્તેજન આપનાર સમાચાર, સમાજોપયોગી માહિતી વધુમાં વધુ એક પાનું મોટા સ્વચ્છ અક્ષરમાં મોકલશો એવી ACNના પ્રકાશનના હિતમાં અમારી નમ્ર વિનંતી છે. ACN ને દળદાર તથા માહિતીસભર બનાવવાનો આધાર લેખક મિત્રો પર અવલંબે છે. તેથી લેખકમિત્રોને મારી નમ્ર વિનંતી કે લેખો મુદ્દાસર હોવા જોઇએ અને એકના એક વાક્યનું વારંવાર પુનરાવર્તન ન થાય તેની કાળજી રાખવા પ્રયત્ન કરશો મોડામાં મોડું જાન્યુઆરી ૩૦ સુધીમાં Revs. Patel, 758-47th Street, Brooklyn, NY 11220 એ સરનામા પર મોકલી આપશો તો આભાર.

સહકાર બદલ આભાર

આભાર: રોબીનભાઇ ક્રિશ્ચિયનને નીચેના દાતાઓ તરફથી દાન મળ્યાં છે. જેનો આભારસહિત સ્વીકાર કરવામાં આવે છે. સેમસનભાઇ મેકવાન, શિકાગો તરફથી ૨૫ ડોલર અને વિરોનીકાબહેન તથા આશિષભાઇ, ફોર્ડ, ન્યુજર્સી તરફથી ૨૦ ડોલર મળ્યા

છે. દાતાઓનો આભાર માનતાં દાનોનો સ્વિકાર કરવામાં આવે છે હનોખભાઇ પટેલિયાની ટાઇપિંગની સેવાઓને માટે પણ ખૂબ આભાર.

## ઇસુ ખ્રિસ્ત: જીવનનું અજવાળું

ઇશ્વર કુદરતની મારફતે પણ જેઓ ધ્યાન આપે છે તેઓની સાથે વાત કરે છે તે હકીકત વાચકમિત્રો સમક્ષ રજૂ કરુ છું. અમારા સૌરાષ્ટ્રની એક કહેવત છે, "અડીકડી વાવ (ગુફા)ને નવઘણ કૂવો; ના જૂવે તે જીવતો મૂઓ." આ વાવ જુનાગઢમાં અશોક રાજાના સમયમાં બાંધવામાં આવી હતી. જુનાગઢની તળેટીમાં આજેય પણ તે પર્યટકોનું આકર્ષણ બની રહી છે.

આ ગુફાની અજાયબી એવી છે કે, તેમાં લાઇટો અને પંખાઓ મુકવામાં આવ્યા હોવા છતાં ૭૫ મીનીટથી વધારે કોઇપણ વ્યક્તિ ગુફામાં રહી શકવા સમર્થ નથી. અંધકારને લીધે પ્રકાશિત એરિયાની બહાર જવાથી ગભરામણ થઈ જીવ મુંઝાવા માંડે છે. એપ્રિલ ૨, ૧૯૦૭ને રોજ ચાર વ્યક્તિઓએ ગુફાના અંદરના ભાગમાં જવાનો મરણિયો પ્રયાસ કર્યો હતો. જેમાંથી બે વ્યક્તિઓ ગુફામાંથી આજ સુધી પરત ફરી નથી, જ્યારે બીજી બે વ્યક્તિઓ અધમુઆ જેવી હાલતમાં મળી આવી હતી.

એક કાલ્પનિક કથા પ્રમાણે, એક ઘોર અંધકાર ધરાવતી ગુફાને સૂરજે પોતાનો પ્રકાશમાં આવવા આમંત્રણ આપ્યું. થોડી આનાકાની બાદ ગુફાએ સંમતિ આપી અને તે જેવી સૂર્ય પ્રકાશમાં આવી તેવો જ તેનામાં રહેલો અંધકાર દૂર થઇ ગયો અને તે ખૂબ જ પ્રભાવિત થઈ પ્રફુલ્લિત તથા અતિ ઉલ્લાસિત બની ગઈ. .

ઇસુ વાસ્તવમાં જેઓ સાંભળે છે તેઓને આમંત્રણ આપે છે, "હું જગતનો પ્રકાશ છું. તેથી જો મને અનુસરશો તો તમે અંધકારમાં ચાલશો નહિ અને ઠોકર ખાશો નહિ, કેમકે જીવનનો પ્રકાશ તમારા માર્ગમાં પુષ્કળતાથી પથરાઈ જશે." (યોહાન ૮;૧૨). જે કોઇ ઇસુના આ આમંત્રણનો સ્વીકાર કરે છે તેઓના જીવનમાં શેતાનની કુયુક્તિઓ નિષ્ફળ જાય છે. વ્યક્તિ નવા જન્મનો અનુભવ કરે છે. ઇસુના જન્મ વખતે, માગીઓએ વિશિષ્ઠ પ્રકારના તારા તરફ ધ્યાન આપ્યું તેથી તેઓ તે તારાની દોરવણીથી બાળ ઇસુના દર્શન અને ભજન કરી શક્યા.

નવા વરસમાં જીવન જ્યોતિ ઇસુને આપણે આપણા જીવનોમાં કામ કરવા દઈએ. જેથી આપણા જીવનમાંથી શેતાનનો અંધકાર દૂર થાય, આપણે ઇશ્વરને માન્ય એવુ જીવન જીવી શકીએ એટલું જ નહિ પણ બીજાંઓ જેઓ પ્રભુને માન્ય જીવન જીવતાં નથી તેઓને પણ પ્રભુ ઇસુના પ્રકાશમા લાવીએ. નવુ વરસ વાચકમિત્રોને આશીર્વાદિત બને એ જ શુભેચ્છા.

એરીક વ્યાસ , ઇસ્ટ મેડો, લૌંગ આઇલેંડ. .

## An Appeal

The congregation of the Community Church of Hoboken and the Gujarati Christian Community have had a great fellowship for many years. Recently, we got an estimate for the parsonage and church (roof) about $ 60,000. The majority of the members are retired and seniors. As a small church it is challenging. We also believe in the miracles of God. So we urge ACN readers to pray about our needs and if God leads you, then support us. Please make your check payable to, "Community Church of Hoboken"-Memo- "Roof Project" 606 Garden Street, Hoboken, NJ 07030. Please keep this project in your prayer so with the help of God and God's children we can finish it. Thank you so much Rev.Sooah Na, Pastor

# બાઇબલના ઉત્તરો: નવેમ્બર-ડિસેમ્બર ૨૦૧૯

ભાગ ૧. નામમાં તે વળી શું દાટ્યું છે? ઉત્પતિના પુસ્તકમાં વિવિધ નામો મૂળ નામ બદલાવીને કૂવા, બૂરજ , છાવણી કે ઢગલા વગેરે વગેરે માટે અપાયા છે. તે નવા નામો અર્થ સહિત જણાવો

પ્રશ્નોના જવાબો Joycey & Jovet Christian, 500 central Ave, Apt # 510, Union City, N.J 07087 પર મોકલશો. તેમનો ફોન નંબર (201)- 864-4816

:૧ *માહનાઇમ-* બે છાવણી (ઉત્પત્તિ ૩૨:૨) ૨. *યગાર* – સાહદૂથ-સાક્ષીનો ઢગલો (ઉત્પત્તિ ૩૧ :૪૭)

3. *મિસ્પા*-ચોકીનો બુરજ (ઉત્પત્તિ ૩૧:૪૯). ૪. *નૂહ*-રાહત (ઉત્પત્તિ ૫:૨૯) ૫. *બાબેલ*(બાબીલોન)-ગુંચવણ-(ઉત્પત્તિ ૧૧:૯).

૬. *સિટના-* દુશ્મનાવટ (ઉત્પત્તિ ૨૬:૨૧). ૭. *બેરશેબા-* સમ (સોગંદ)નો કૂવો (ઉત્પત્તિ ૨૬:૩૩). ૮. *યુસુફનું મીસરી (ઇજીપ્શિયન) નામ*-સાફનાથ પાનેઆહ (ઉત્પત્તિ ૪૧:૪૫). ૯. *ઈઝરાઈલ-* ઇશ્વર સાથે બાથ ભીડનાર (ઉત્પત્તિ ૩૨:૧૮)

૧૦. *એફ્રાથ*-બેથલેહેમ (ઉત્પત્તિ ૩૫:૧૯; ૪૮:૭)

**ભાગ ૨ જવાબો લુકમાંથી શોધો. જોડકાં બનાવો. અ' ના નંબર યોગ્ય રીતે 'બ" ના નંબર સાથે જોડો**

| અ | બ |
|---|---|
| ૧. ઝખાર્યા | ૬ એલિસાબેત લુક ૧:૫ |
| ૨. આન્ના | ૪. પ્રબોધિકા લુક ૨:૩૬ |
| 3. હેરોદ | ૫ ગાલીલનો રાજા લુક ૩:૧ |
| ૪. કુરેનિયસ | ૧. સિરિયા પ્રાંતનો હાકેમ (રાજ્યપાલ) લુક ૨:૨ |
| ૫. સમરૂની | ૭. જેણે તેના પર દયા કરી તે |
| ૬. પાંચ રોટલી | ૨. બે માછલી લુક ૯:૧૪ |
| ૭. ઠીંગણો હતો | ૩ જાખી લુક ૧૯:૩ |

મોકલનાર: જોઈસી જોવેટ ક્રિશ્ચિયન . 201-864 4816

## સંતોની ઓળખ-ખ્રિસ્તનો પ્રકાશ ફેલાવનાર

એક નાની છોકરીના મનમાં પ્રશ્ન થયા કરતો હતો કે, "સંતો કેવા પ્રકારના લોકો હોય? એક વખતે તેણી પોતાની માતાની સાથે રોમ વેકેશન માણવા ગઈ. ત્યાં મોટા દેવળો જોઇને તે આભી જ બની ગઈ. મોટા દરવાજાઓ, કાચથી કંડારિત વિવિધ પ્રકારની બારીઓ જોતાં આ છોકરી ધરાતી જ ન હતી. એમાંય વળી સૂર્યનાં કિરણો બારીઓની સુંદરતામાં વધારો કરતાં હતાં તે જોઈ તેણી હોંશમાં પોકારી ઉઠી, "હવે મને સમજાયું કે સંતો એટલે કોણ? સંતો એટલે એવા લોકો કે જેઓ પ્રભુ ઇસુ-'જગતનું અજવાળુ'માંથી પ્રકાશ મેળવી તે પ્રકાશનું પરાવર્તન કરે છે."

માથ્થી ૫:૧૬માં પ્રભુ ઇસુ કહે છે, "તેમ જ તમે તમારું અજવાળું લોકોની આગળ એવું પ્રકાશવા દો કે તેઓ તમારી સારી કરણીઓ જોઇને આકાશમાંના તમારા પિતાની સ્તુતિ કરે" તેથી ચાલો આ નવા વરસમાં આપણે બાઇબલમાં વર્ણવામાં આવેલાં સારાં કૃત્યો-પ્રેમ,આનંદ, શાંતિ, સહનશીલતા, માયાળુપણું, ભલાઇ, વિશ્વાસુપણું,નમ્રતા તથા સંયમ- ને જીવન વ્યવહારમાં મુકી પ્રબુના નામને પ્રકાશિત કરીએ. આપણે ૨૦૨૦ના વરસમાં નિર્ણય કરીએ, "This little light of mine, I am going to let it shine, let it shine, let

it shine let it shine" એમ ખ્રિસ્તનો પ્રકાશ રેલાવવા તથા ફેલાવવા કટિબધ્ધ બનીએ.

જોઈસી જોવેટ ક્રિશ્ચિયન, યુનિયન સીટી, ન્યુજર્સી (૨૦૧-૮૬૪-૪૮૧૬)

## શાસ્ત્રાભ્યાસ: જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૨૦

### ભાગ ૧

### નીચેના પ્રશ્નોના જવાબો ગણના૧-૧૩ અધ્યાયોમાં ક્યાં મળી આવે છે તે અધ્યાય અને કલમ જણાવો

૧. ઇસ્રાએલનાં બાર કુળોમાંથી કયું કુળ પ્રથમજનિત તથા પ્રભુનું કુળ ગણાયું?

૨. "નાજીરવ્રત" લેનાર વ્યક્તિને કયા બે પીણાથી દૂર રહેવાની આજ્ઞા આપવામાં આવી હતી?

3. ભજનસેવાની સમાપ્તિ વખતે ઉચ્ચારવામાં આવતાં આશીર્વચનોમાંથી કયું આશીર્વચન ગણનાના પુસ્તકમાં મળી આવે છે? (હાલના પાળકો પણ તેનો ઉપયોગકરે છે). ફક્ત અધ્યાય અને કલમ જણાવો.

૪. "તાબેરા" નો અર્થ જણાવો.

૫. મૂસાનો માનીતો સેવક કોણ હતો?

૬. "કિબ્રોથ-હત્તાવા"એટલે શું?

૭. ખાલી જગ્યા પૂરો: મૂસાએ ..... ..... હોશિયાનું નામ ..... પાડ્યું. (ગણના ૧૨:૮, ૧૪)

### ભાગ-૨ માર્કની સુવાર્તાને આધારે નીચેના પ્રશ્નોના જવાબો સંદર્ભ સહિત આપો.

૧. માથ્થી, માર્ક, લૂક અને યોહાન આ ચાર સુવાર્તાઓમા સૌથી ઓછા અને કેટલા અધ્યાયો કઈ સુવાર્તામા છે?

2. માર્કની સુવાર્તામાં કેટ્લા ચમત્કારો વર્ણવામાં આવેલા છે? ચમત્કારોની માત્ર સંખ્યા અને સંદર્ભ આપો.

3. વિધવા સ્રીએ મંદિરના ભંડારમાં શું નાખ્યું?

૪ કોના ઘરમાં પ્રભુ ઇસુના શરીરને મૂલ્યવાન અત્તર ચોળવામાં આવ્યું?

૫. અઠવાડિયાને પ્રથમ દિવસે કેટલી સ્રીઓ ઇસુના શબને સુગંધી દ્રવ્યો ચોળવા કબરે ગઈ હતી?

## ખરા જવાબ મોકલનારની નામાવલી:

૧. શાંતાબેન એમ. રાઠોડ નોર્થ બર્ગન, ન્યુ જર્સી

૨. વસુમતી એ. કુંજરાવીઆ , પૂગીપ્સ્કી, ન્યુયોર્ક

3. કમલભાઈ રાઠોડ ,સ્ટેટન આઈલેન્ડ, ન્યુયોર્ક

૪. સ્ટેલાબહેન પરમાર , જર્સી સીટી, ન્યુ જર્સી

૫. રીટાબહેન રાઠોડ, સ્ટેટન આઈલેન્ડ, ન્યુયોર્ક

૬. રોમેશભાઇ સ્મિથ, ક્વીન્સ, ન્યુયોર્ક

૭. તરૂબહેન દાસ, નોર્થ બર્ગન , ન્યુ જર્સી

૮. પરલિંનબહેન લીનસભાઈ, બ્રુકલીન, ન્યુયોર્ક

૯. ભાનુમતીબહેન સી. ક્રિસ્ટી, કેલિફોર્નિયા

10. . કમલાબહેન ડી ભરૂચા, કાર્ટરેટ, ન્યુ જર્સી

## નવું વરસ-આશાનું કિરણ

પતંગિયાની જેમ ૨૦૧૯નું વરસ આપણી મધ્યેથી ઉડી ગયું અને નવા વરસની નવલી ઉષા ઉગી. ચાલો જૂનુ ભૂલી નવા આશિષ સાથે નવા વરસમાં આગળ વધીએ. ઇશ્વરને પ્રાર્થીએ કે, "પ્રભુ દર સવારે નવી આશા અને વિશ્વાસમાં દોરી, અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી અને અમારાં જીવનોમાં આશાનો દિપક પ્રગટાવજો."

આપણે ઇશ્વરનો આભાર માનીએ કે, તેમણે આપણને નવું વરસ બતાવ્યું છે  નવુ વરસ આપણને કેટલીક ચેતવણી આપે છે. આજે ઘડિયાળના કાંટે આપણું જીવન ખૂબ જ ઝડપી બની રહ્યું છે. ઘડીભર વિરામ લેવાનો પણ આપણને સમય નથી. ત્યારે પાઉલ પ્રેરીતના શબ્દો આપણને યાદ દેવડાવે છે કે, "તમારા વર્તનમાં સાવધ રહો. અને મૂર્ખ નહિ પણ બુધ્ધિવાન બનો....તમને મળેલી એકે એક તકનો ઉપયોગ ભલું કરવામાં કરો (એફેસી ૫:૧૫-૧૬). તેથી બીન જરૂરી કાર્યોમાં વ્યસ્ત રહેવાની ભૂલ ન કરતાં, અને  ઇશ્વરની આપણા જીવનોમા યોજના શોધતાં  ઇશ્વરે આપેલી તક અને પ્રેરણા પ્રમાણે આપણા જીવનો જીવીએ. પાઉલ પ્રેરીત ખ્રિસ્તની આધીનતા સ્વિકારવા જણાવે છે. ઇસુએ શ્રીમંત માણસને અનંતજીવન પામવાની તક આપતાં કહ્યું, "તારી પાસે જે સર્વ છે તે વેચીને તે નાણાં ગરીબોને આપી દે અને સ્વર્ગમાં તને સંપત્તિ મળશે" (લુક ૧૮:૨૨). આ માણસ ત્યાંથી ચાલ્યો ગયો. આપણે જ્યારે ઇશ્વરની આધિનતા સ્વિકારીએ છીએ ત્યારે પ્રભુ તેમની મહિમાની સંપત્તિ પ્રમાણે આપણી સર્વ જરૂરીયાતો પૂરી પાડશે. આપણા દેવ યહોવા-નિસ્સી આપણી સાથે છે.

આપણા માર્ગો યહોવાના માર્ગો નથી. તેથી હરરોજ હરપળે પ્રભુ આપણને જેમ દોરે તેમ દોરાઇએ અને તેમાં સંતોષ પામીએ. અત્યાર સુધી સમય, શક્તિ સંપત્તિ, જીવનવ્યવહાર, માનવિય સબંધોમાં આપણે ઘણીવાર ન કરવાનું  કર્યું, અને નિષ્ફળ નિવડ્યાં ૨૦૨૦ની સાલ આપણને નવી તક આપે છે. પૃથ્વી પરનું આપણું જીવન, અને નવું વરસ ઇશ્વરની અનુપમ ભેટ છે. કડવાશ, ઇર્ષા, સ્વાર્થ, વિગેરે જે બાબતો ઇશ્વરને ના પસંદ છે તેને ત્યજી દઈને તેમને માન્ય થાય તેવું જીવન જીવવા પ્રયત્નો કરીએ. પ્રભુનો હાથ ગ્રહી તેમના માર્ગોમાં ચાલીએ, ક્ષમા કરી એકમેકને, વસીએ એકબીજાના દિલ મહીં

ઇલા જોબર્ટ ક્રિશ્ચિયન  યુનિયન સીટી,ન્યુજર્સી (201)-330-0314

**વાચકમિત્રોને ન્યુઝ પરીવાર તરફથી નવા વરસની પ્રેમી સલામ.  નવુ વરસ તમને સર્વ રીતે આશિર્વાદિત અને ફળદાયી બની રહે.**

American Christian News
Community Paper Soliciting Your Co-operation
I.D. #11-2917985  August 28, 1988
Gujarati Christian Church
17 Dart Mouth Ave., Avenel, N.J. 07001-1804
**Phone # (732) 750-4064 – (R. Christian)**

To,

-------------------------------------------

-------------------------------------------

-------------------------------------------